GJVD010044732026

| | | | |
|---|---|---|---|
| અરજી મળ્યા તારીખ | ૨૯/૦૫/૨૦૨૬ | | |
| અરજી રજી. કર્યા તારીખ | ૨૯/૦૫/૨૦૨૬ | | |
| અરજી ફેંસલ તારીખ | ૦૩/૦૬/૨૦૨૬ | | |
| સમયગાળો | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | ૦૦ | ૦૦ | ૦૬ |

**વડોદરાના મે. ૨જા એડીશ્નલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજશ્રીની કોર્ટમાં, મુ.વડોદરા.**

ફો.પરચુ.અરજ નં.૧૭૮૮/૨૦૨૬
આંક–

**અરજદાર/આરોપી :–**

૧. નફીસ મુલ્લુ,
ઉં.વ.૨૮

૨. મોફીસ મુલ્લુ,
ઉં.વ.૨૬

૩. આફરીન અલી,
ઉં.વ.૨૮
તમામ રહે.ફગનૌલ, પોસ્ટ ફગનૌલ
તા.એટા, ઉત્તરપ્રદેશ

**વિરુધ્ધ**

**સામાવાળા :–**

ધી સ્ટેટ ઓફ ગુજરાત .

**બાબત : ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ–૪૮૨ મુજબ આગોતરા જામીન અરજ.**

Spe. Judge POCSO &
2nd Add. Session Judge,
Vadodara

અરજદારો તરફે : વિ.વકીલશ્રી ડી.ડી.પાંડે

સામાવાળા તરફે : વિ.એ.પી.પી.શ્રી એચ.આઇ.જોષી

**–: જજમેન્ટ :–**

**અરજીની ટુંક વિગત**

૧) અરજદારોની વડોદરા શહેર સમા પોલીસ સ્ટેશન, ગુના રજી. નંબર– ૧૧૧ ૯૬૦૧૩૨૬૦૧૭૮/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ ૧૧૮(૧), ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુના કામે અટક થવાની દેહશત હોઇ, અરજદારોએ આગોતરા જામીન મેળવવા હાલની અરજી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ ૪૮૨ તળે કરેલ છે.

**કેસની ટુંક વિગત**

૨) ફરિયાદપક્ષના કેસની ટુંક હકીકત એ મુજબ છે કે, અરજદાર નાં.૧–૨ મુળ ફરીયાદીના સાળાઓ છે.બનાવના દિવસે એટલે કે તા.૧૦.૦૫. ૨૦૨૬ ના સવારે ફરીયાદીની તેની પત્ની સાથે સામાન્ય બોલચાલ થયેલ અને પત્નીએ પોતાના સાળાઓને બોલાવી પીયર જતા રહેવાનું જણાવેલ. ત્યાબાદ ફરીયાદીના સાળાઓ વિગેરે ફરીયાદીના પત્નીને ઘરે થી લઇ ગયેલા. ત્યારબાદ અરજદાર નાં. ૧ દ્ધારા ફરીયાદીને ફોન કરી તેની પત્નીને લઇ જવાનું જણાવતા, સાંજે સવા છ વાગ્યાના સુમારે ફરીયાદી દુમાડ ચોકડી ખાતે અમદાવાદ તરફ જતા સર્વીસ રોડ પર ગયેલા અને બનાવ સ્થળે અરજદાર નાં.૧ ફરિયાદીને થપ્પડ મારેલ અને અરજદાર નાં.૨ એ ફરીયાદીને માથામાં પથ્થર મારેલ અને તેઓ સાથેની વ્યકિતએ ફરીયાદીને પટ્ટા વડે માર મારી ઇજા કરી નાશી ગયેલ. ત્યારબાદ ફરીયાદીને ૧૦૮ મારફતે હોસ્પીટલ લઇ જવામાં આવેલ, જ્યાં ફરીયાદીને માથામાં ચૌદ ટાંકાઓ આવેલ. ત્યારબાદ બનાવની ફરીયાદીએ ફરિયાદ આપેલ.

**તપાસ કરનાર અધિકારીશ્રીનું સોગંદનામું**

૩) અરજીની નોટીશ જીલ્લા સરકારી વકીલશ્રીને કરવામાં આવતા સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રી જોષી હાજર થયેલ તથા પોલીસ અધિકારી શ્રી રાજેશકુમાર પ્રતાપભાઈનું સોગંદનામું રજુ કરેલ. જેમાં બનાવની તથા તપાસની વિગતો જણાવ્યા બાદ મુખ્યત્વે જણાવેલ છે કે, આરોપીઓએ ગંભીર પ્રકારનો ગુનો આચરેલ છે તથા આરોપીઓ સામે પ્રથમ દર્શનીય કેસ છે. આરોપીઓ અમદાવાદ ખાતે રહેતા હોય અને તેઓ મૂળ ઉત્તરપ્રદેશ રાજયના વતની હોય અને પોતાની ધરપકડ ટાળવા સારુ આજદીન સુધી નાસતા ફરેલ છે. તેથી આગોતરા જામીન નામંજુર કરવા વિનંતી કરેલ તથા વધુમાં એવી પણ રજુ કરેલ છે કે, આરોપીઓ ટ્રાયલ સમયે હાજર ન રહે તથા નાશી ભાગી જઈ ટ્રાયલ વિલંબમાં પાડે તેમજ ગુનાનું પુનરાવર્તન કરે તેવી શક્યતા છે, તે સંજોગોમાં અરજી રદ કરવી જોઇએ.

**<u>અરજદારપક્ષે રજુઆત</u>**

૪) અરજદારો તરફે વિધ્વાન વકીલશ્રીએ રજુઆત કરેલ છે કે, અરજદાર તદ્દન નિર્દોષ છે. ફરિયાદ જોવામાં આવે તો, પ્રાથમિક દ્રષ્ટિએ ફરિયાદ ખોટી રીતે દાખલ કરવામાં આવેલ છે અને તેમાં ઘણી બધી હકીકતો છુપાવાવમાં આવેલ છે. ગુનાની તપાસ અને કાર્યવાહી ચાલતા ઘણો લાંબો સમય વિતી જાય તેમ છે.ફરિયાદમાં દર્શાવ્યા મુજબનો કોઈ ગુનો અરજદારોએ આચરેલ નથી. અરજદારોને સાંકળતો કોઈ પ્રથમદર્શનીય પુરાવો નથી. અરજદારો અમદાવાદ ખાતે વસવાટ કરે છે કયાંય નાસી ભાગી તેમ નથી. અરજદારોનો કોઇ ગુનાઇત ઈતિહાસ નથી. અદાલત જે કોઈ શરતો રાખે તેનું ચુસ્તપણે પાલન કરવાની અરજદારો ખાત્રી આપે છે. વધુમાં જણાવેલ કે, અરજદારોનું મુળ ફરીયાદી સાથે સમાધાન થયેલ છે અને મુળ ફરીયાદીએ વકીલાપત્ર પર અરજી મંજુર કરવામાં વાંધો ન હોવાનો શેરો પણ કરી આપેલ છે.તે તમામ સંજોગોમાં અરજદારોને આગોતરા જામીન પર મુક્ત કરવા જોઇએ.

**<u>શ્રી સરકાર તરફે રજુઆત</u>**

૫) વિદ્વાન એ.પી.પી.શ્રીએ રજુઆત કરેલ છે કે, આરોપીઓ ગુનામાં પ્રથમ દર્શનીય સંડોવાયેલ છે. આરોપીઓ વિરુધ્ધ ગંભીર પ્રકારના ગુનાના આક્ષેપ છે. આરોપીઓ બનાવ બાદ થી નાશતા ભાગતા ફરેલ છે અને તપાસમાં સહકાર આપેલ નથી. અરજદારપક્ષની રજુઆત પરથી જ સ્પષ્ટ થાય છે કે, હાલથી જ અરજદારોએ પુરાવા સાથે ચેડા કરવાનું શરૂ કરી દિધેલ છે. અરજદારો જામીન મુકત થતા નાસીભાગી જાય અને ટ્રાયલ દરમ્યાન હાજર ન રહે તથા પુરાવા સાથે ચેડા કરે તેવી શક્યતા છે. તે તમામ સંજોગોમાં અરજી નામંજુર કરવી જોઈએ.

**<u>નિર્ણય માટેના કારણો</u>**

૬) મે, જામીન અરજી, પોલીસ અધિકારીશ્રી દ્વારા આપવામાં આવેલ અભિપ્રાય તેમજ પોલીસ પેર્પર્સ તેમજ રજુ કરવામા આવેલ પેપર્સ ધ્યાને લીધેલા છે. નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા આગોતરા જામીન અરજી અંગે સિધ્ધરામ સપલીંગપ્પા મહાત્રે વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર, ૨૦૧૧(૨) સુપ્રિમ કોર્ટ કેસીસ પાન નં. ૬૯૪૧ ના ચુકાદાના પેરા ૧૨૨ માં આપેલ માર્ગદર્શક સિધ્ધાંતો ધ્યાને રાખી, હાલના કેસની ચર્ચા કરીએ તો, કેસ પેપર્સ ધ્યાને લેતા અરજદારોએ મુળ ફરીયાદીને બનાવ સ્થળે બોલાવી એક બીજાની મદદગારીમાં ઈજાઓ પહોચાડેલ હોવાનું અને અરજદારો ગુનામાં સંડોવાયેલ હોવાનું પ્રાયમાફેસી જણાય છે.અરજદારોએ બનાવ બાદ તપાસમાં સાથ સહકાર આપેલ નથી. અરજદારોએ પુરાવા સાથે ચેડા કરવાના પ્રયત્ન શરૂ કરી દિધેલ હોવાની વિ.એ.પી.પી. શ્રીની રજુઆતમાં તથ્ય જણાય છે. તપાસ હજુ નાજુક તબક્કામાં છે. તે તમામ સંજોગોમાં પુરાવાની વિસ્તૃત ચર્ચા નહી કરતા તેમજ તેવી ચર્ચા કરવાથી તપાસ પ્રભાવિત થવાની શકયતા નકારી શકાય તેમ નથી. આમ, કેસની હકીકતો તથા અરજદારો સામેના આક્ષેપો ધ્યાને લેતા અરજદારપક્ષની રજુઆતો સાથે સહમત થઈ

શકાય તેમ નથી.તે સંજોગોમાં આક્ષેપયુક્ત ગુનાનો પ્રકાર, પ્રમાણ તથા અરજદારો દ્વારા ભજવવામાં આવેલ ભાગ તથા ગુનાની સંભવિત સજા ધ્યાને લેતાં અરજદારોની અરજી મંજુર કરવી ન્યાયોચીત જણાતી નથી. જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧) ક્રી.મીસ.એપ્લી. નં.૧૭૮૮/૨૦૨૬ ના અરજદારોની આગોતરા જામીન અરજી ગ્રાહ્ય રાખવામાં આવતી નથી.

(૨) આ હુકમના તારણો માત્ર જામીન અરજીના નિર્ણય અંગેના તબક્કેના જ છે તેનાથી તપાસ કે ટ્રાયલને કોઇ અસર થશે નહી.

હુકમની ચાદી સબંધીત પો.સ્ટે.માં કરવી.

આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તારીખ: ૦૩/૦૬/૨૦૨૬
સ્થળ: વડોદરા.

(દિગંત અરુણભાઇ વોરા)
બીજા એડીશ્નલ સેસન્સ જજ
વડોદરા.
[યુ.આઈ.સી.નં.જીજે ૦૦૬૨૫]

એમ.એ.ગૌતમી
(ગુજરાતી સ્ટેનોગ્રાફર)

Spe. Judge POCSO &
2nd Add. Session Judge,
Vadodara